
P.07
સૈફ અલી ખાન પર હુમલા બાદ કરીના કપૂરે આખરે શૂટિંગ શરૂ કર્યુ

# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673


P.07
હેરાફેરી ફ્રેન્ચાઈઝીમાં પુનરાગમન કરી રહી હોવાનો તબુનો સંકેત

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૩ અંક : ૧૮૩ । વિક્રમ સંવત ૨૦૮૧ : મહા વદ ૦૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 183 • Dt.13-02-2025 Thursday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


સુનિતા વિલિયમ્સ જલદી જ પૃથ્વી પર પાછી ફરશે! નાસાએ આપી ગુડ ન્યૂઝ



07

13
FEBRUARY- 2025
THURSDAY



07

સંયુક્ત રાષ્ટ્રએ શેખ હસીનાને બાંગ્લાદેશ હિંસા માટે જવાબદાર ગણાવ્યાં । ૧૪૦૦ લોકોના મોતનો દાવો




The Demand for Cyber Security Professionals at All-Time high across the world.
Learn from the Most Experienced Trainer and One of India's Top Ethical Hackers and Cyber Security Expert Mr. FALGUN RATHOD
www.cyberoctet.com
Cyber Octet™
Learn more than 110 Topics | Task and Research based Training | 100% Placement Assistance
+91 74053 21234


**૫૦૦૦ કિલો ઘીનો જથ્થો જપ્ત । સેન્ટ્રલ ફુડ સેફ્ટી વિભાગનું ઓપરેશન**

**મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે બિલકુલ અમૂલના બ્રાન્ડ જેવું જ લેબલીંગ, કલર અને પેકીંગ કરી અમૂલ ઘીના નામે શંકાસ્પદ ઘીનો જથ્થો વેચાણ કરવામાં આવે છે અને મોટાપાયે ત્યાં ગાયનું ઘી, ભેંસનું ઘી, પ્યોર ઘી અમૂલ ઘીના નામે તૈયાર થાય છે અને ત્યાંથી જ માર્કેટીંગ-વેચાણને બઘુ થાય છે**

# ગુજરાતમાં અમૂલના નામે નકલી ઘીના વેપલાનો પર્દાફાશ

**જનરલ મેન્યુફેક્ચરીંગનું લાયસન્સ હોવાછતાં તેઓ ગેરકાયદે રીતે આ પ્રકારે અમૂલ જેવું જ લેબલીંગ, પેકીંગ અને કલર સહિતની બાબતોમાં બિલકુલ અસલ લાગે તે જ પ્રકારની નકલ કરી અમૂલ ઘીના નામે ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ કરતા હતા**

। મહેસાણા, તા.૧૨ ।

મહેસાણા નજીક 'અમૂલ'ના નામે વેચાતા શંકાસ્પદ ઘી વેચવાના કૌભાંડનો પર્દાફાશ, ૫૦૦૦ કિલો જથ્થો જપ્ત સેન્ટ્રલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયાએ નેશનલ ક્રાઈમ બ્યુરો તરફથી મળેલી ફરિયાદના આધારે એક બહુ મોટા ઓપરેશનમાં મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે દરોડા પાડી અમૂલના જેવું જ લેબલીંગ અને પેકીંગ કરી અમૃત ઘી નામે વેચાતા શંકાસ્પદ ઘીનો પાંચ હજાર કિલો જેટલો બહુ મોટો જથ્થો જપ્ત કરતાં ભેળસેળીયા તત્વોમાં ફફડાડની લાગણી ફેલાઈ ગઈ છે. સેન્ટ્રલ ફુડ સેફ્ટી ઓફિસરોએ ઘટનાસ્થળેથી આશરે રૂ.૩૫ લાખની કિંમતનો શંકાસ્પદ ઘી નો બહુ મોટો જથ્થો પણ જપ્ત કરી ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અને રૂલ્સની જોગવાઈ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી છે. સેન્ટ્રલ ફુડ સેફ્ટી ઓફિસરો દ્વારા મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતેથી શંકાસ્પદ ઘી(અમૃત ઘી)ના વિવિધ નમૂનાઓ લઈને સેન્ટ્રલ ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા દ્વારા ઓથોરાઈઝ્ડ સેન્ટ્રલ લેબોરેટરીમાં આ નમૂનાઓ પરીક્ષણ અર્થે મોકલી આપ્યા છે. મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે બિલકુલ અમૂલના બ્રાન્ડ જેવું જ લેબલીંગ, કલર અને પેકીંગ કરી અમૃત ઘીના નામે શંકાસ્પદ ઘીનો જથ્થો વેચાણ કરવામાં આવે છે અને મોટાપાયે ત્યાં ગાયનું ઘી, ભેંસનું ઘી, પ્યોર ઘી અમૃત ઘીના નામે તૈયાર થાય છે અને ત્યાંથી જ માર્કેટીંગ-વેચાણને બઘુ થાય છે.

## ફુડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ એક્ટ અને રૂલ્સની જોગવાઇ હેઠળ આગળની કાર્યવાહી હાથ ધરી

અમૂલ બ્રાન્ડ જેવું જ લેબલિંગ-પેકિંગ કરી ઘી વેચવાના કૌભાંડનો પર્દાફાશ મહેસાણાના કમલી ખાતે મેસર્સ રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે બિલકુલ અમૂલના બ્રાન્ડ જેવું જ લેબલીંગ, કલર અને પેકીંગ કરી અમૃત ઘીના નામે શંકાસ્પદ ઘીનો જથ્થો વેચાણ કરવામાં આવે છે અને મોટાપાયે ત્યાં ગાયનું ઘી, ભેંસનું ઘી, પ્યોર ઘી અમૃત ઘીના નામે તૈયાર થાય છે અને ત્યાંથી જ માર્કેટીંગ-વેચાણને બઘુ થાય છે. આ ફરિયાદને ગંભીરતાથી લઈ સેન્ટ્રલ અધિકારીઓ ટીમ સાથે મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે ત્રાટકયા હતા અને સમગ્ર ગોડાઉન અને સ્થળની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ પાસે જો આવુ ગાયનુ ઘી, પ્યોર ઘી કે દૂધની બનાવટવાળી પ્રોડક્ટ વેચાણ કરવી હોય તો ડેરી યુનિટનું લાયસન્સ લેવું પડે પરંતુ તેમની પાસે આ કેટેગરીનું લાયસન્સ જ ન હતુ.



### ફરિયાદને ગંભીરતાથી લઇ સેન્ટ્રલ અધિકારીઓ ટીમ સાથે મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે ત્રાટકયા હતા

આ ફરિયાદને ગંભીરતાથી લઈ સેન્ટ્રલ અધિકારીઓ ટીમ સાથે મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ ખાતે ત્રાટકયા હતા અને સમગ્ર ગોડાઉન અને સ્થળની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. જેમાં એવો ચોંકાવનારો ઘટસ્ફોટ સામે આવ્યો હતો કે, મે.રજવાડી ડેરી પ્રોડક્ટસ પાસે જો આવુ ગાયનુ ઘી, પ્યોર ઘી કે દૂધની બનાવટવાળી પ્રોડક્ટ વેચાણ કરવી હોય તો ડેરી યુનિટનું લાયસન્સ લેવું પડે પરંતુ તેમની પાસે આ કેટેગરીનું લાયસન્સ જ ન હતુ. મે.રજવાડી ડેરી પ્રોડક્ટ્સ પાસે જનરલ મેન્યુફેકચરીંગનું લાયસન્સ હોવાછતાં તેઓ ગેરકાયદે રીતે આ પ્રકારે અમૂલ જેવું જ લેબલીંગ, પેકીંગ અને કલર સહિતની બાબતોમાં બિલકુલ અસલ લાગે તે જ પ્રકારની નકલ કરી અમૃત ઘીના નામે ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ કરતા હતા. અમૂલ જેવું જ લેબલીંગ, પેકીંગ અને કલર સહિતની બાબતોમાં બિલકુલ અસલ લાગે તે જ પ્રકારની નકલ કરી અમૃત ઘીના નામે ગેરકાયદે ઉત્પાદન અને વેચાણ કરતા હતા.

**૧૧ મતદારો મતદાનથી અળગા રહ્યાં હતાં**

# બોરસદ માર્કેટયાર્ડની દસ બેઠકો માટે ૬૧૪ મતદારોનું બેલેટ પેપરથી મતદાન

**એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે મંગળવારે મતદાન યોજાયું હતું**

। આણંદ, તા.૧૨ ।

બોરસદ એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે મંગળવારે ૬૧૪ મતદારોએ બેલેટ પેપરથી મતદાન કર્યું હતું. જ્યારે ૧૧ મતદારો મતદાનથી અળગા રહ્યાં હતાં. ખેડૂત વિકાસ પેનલ અને સહકાર પેનલ દ્વારા અજ્ઞાત સ્થળે મોકલાયેલા મતદારોને સોમવારે મોડી રાત્રે પરત લાવી, મતદાનના દિવસે ખાનગી વાહનોમાં તમામને માર્કેટયાર્ડમાં મોકલાયા હતા. કોંગ્રેસ સમર્થકોએ હાઈકોર્ટમાં કરેલી રીટ સંદર્ભે ચુકાદો સહકાર પેનલની તરફેણમાં આવ્યો હોવાની અફવા ફેલાતા ૧૦૫ મતદારો પણ મતદાન મથકે પહોંચ્યાં હતા. જોકે, ચુકાદા અંગે કોઈ અભિપ્રાય ન આવતા આખરે મતદારો મતદાન કર્યા વિના પાછા ફર્યા હતાં. દરમિયાન બંને પેનલો દ્વારા સૂત્રોચ્ચાર કરવામાં આવતાં પોલીસ કાફલો મતદાન સ્થળે દોડી આવ્યો હતો અને મતદાન કરી ચૂકેલા મતદારોને રવાના કરવામાં આવ્યાં હતાં.બોરસદ એપીએમસીમાં ખેડૂત વિભાગની ૧૦ બેઠકો માટે મંગળવારે મતદાન યોજાયું હતું. ૬૨૫ મતદારો માટે એપીએમસી ખાતે હોલમાં ૭ મતકૂટીર બનાવવામાં આવ્યા હતા. ૧૦ બેઠકો માટે ભાજપ સમર્થક ૧૦ ઉમેદવારોએ ખેડૂત વિકાસ પેનલ અને કોંગ્રેસ સમર્થક ૯ ઉમેદવારોએ સહકાર પેનલ બનાવી હતી. તેમજ ભાજપના પ્રતાપસિંહે અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી.

## ન્યૂઝ બ્રિફ

### ધ્રાંગધ્રામાં જીન માલિકને ગોંડલના બે ભાઇએ મારી નાખવાની ધમકી આપી

। સુરેન્દ્રનગર, તા.૧૨ ।

ધ્રાંગધ્રા-હળવદ રોડ પર જીનીંગ ફેક્ટરી ધરાવતા અને હાલ અમદાવાદ રહેતા વેપારીને જીનીંગના હિસાબ-કિતાબ બાબતે ગોંડલ રહેતા બે શખ્સો સાથે ઝઘડો ચાલી રહ્યો હતો જેનું મનદુઃખ રાખી બન્ને શખ્સોએ જીનીંગ ફેક્ટરીમાં આવી ગાળો બોલી જીન માલીકને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનારે ધ્રાંગધ્રા તાલુકા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. બે શખ્સો સામે ફરીયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### પોરબંદરમાંથી આંતરરાજય નાયડુ તસ્કર ગેંગના બે સભ્યો ઝડપાયા

। પોરબંદર, તા.૧૨ ।

પોરબંદરમાં ભરબપોરે લૂંટનો એક બનાવ બન્યો હતો. જેમાં રોકડ તો માત્ર ૧૫૦૦ની જ ગઈ છે. પરંતુ બેન્કના અગત્યના દસ્તાવેજો લૂંટીને બે લૂંટારૂઓ બાઈકાં ફરાર થઈ જતા પોલીસે શોધખોળ હાથ ધરી હતી. અને એલ.સી.બી.એ બે ઈસમોને પકડયા છે જેઓ નાયડુ ગેંગના સભ્યો હોવાનું બહાર આવ્યું છે. અને આંતરરાજય તસ્કરો છે. તેવી માહિતી આવતા પોલીસ ચોંકી ઉઠી હતી અને આકરી પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

**પાર્ટી વિરુદ્ધ કરતા હતા પ્રચાર**

# અમરેલીમાં ભાજપના 3 બળવાખોર હોદ્દેદારોને કરાયા સસ્પેન્ડ

**જામનગરથી અજમાની વિદેશમાં પણ નિકાસ થાય છે તેવું કહેવામાં પણ આવે છે**

। જામનગર, તા.૧૨ ।

ગુજરાતમાં પાલિકા-પંચાયતની ચૂંટણીમાં પ્રચાર ચાલી રહ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા અને ભાજપના બળવાખોરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે જેના પગલે ભાજપ એક્શન મોડમાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં પાર્ટી વિરુદ્ધ ઉમેદવારી અને પ્રચાર કરવા બદલ ભાજપના ૩ હોદ્દેદારોને સસ્પેન્ડ આવ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ છે. ટિકિટ ન મળતાં ભાજપમાં અસંતોષનો ચરુ ઊકળ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા. જેથી તેમણે અથવા તેમના પરિજનોએ અન્ય પક્ષ અથવા અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે.



### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા

રાજકીય સ્થિતિ બેકાબુ બનતાં જ પ્રદેશ ભાજપ નેતાગીરીએ બળવાખોરો વિરુદ્ધ કડક કાર્યવાહી કરી છે. જેમાં અમરેલી જિલ્લામાં ભાજપના ૩ હોદ્દેદારો હિરેનભાઈ પાડા (જિલ્લા ભાજપ યુવા ઉપપ્રમુખ લાઠી), કલ્પેશભાઈ મેતલીયા (પૂર્વ નગર સેવક ભાજપ લાઠી) , હરેશભાઈ ગોહિલ (સક્રિય કાર્યકર્તા રાજુલા) પાર્ટી વિરુદ્ધ ઉમેદવારી અને પ્રચાર કરવા બદલ સસ્પેન્ડ કરાયા છે.. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા. જેથી તેમણે અથવા તેમના પરિજનોએ અન્ય પક્ષ અથવા અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે.

**સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ**

### અમરેલી જિલ્લામાં ભાજપના 3 બળવાખોર હોદ્દેદારોને કરાયા સસ્પેન્ડ

। અમરેલી, તા.૧૨ ।

પાર્ટી વિરુદ્ધ કરતા હતા પ્રચારગુજરાતમાં પાલિકા-પંચાયતની ચૂંટણીમાં પ્રચાર ચાલી રહ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા અને ભાજપના બળવાખોરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે જેના પગલે ભાજપ એક્શન મોડમાં આવ્યું છે. અમરેલી જિલ્લામાં પાર્ટી વિરુદ્ધ ઉમેદવારી અને પ્રચાર કરવા બદલ ભાજપના ૩ હોદ્દેદારોને સસ્પેન્ડ આવ્યા છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં આંતરિક જૂથવાદ ચરમસીમાએ છે. ટિકિટ ન મળતાં ભાજપમાં અસંતોષનો ચરુ ઊકળ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં કેટલાક લોકોને ભાજપમાંથી ટિકિટ ન મળતાં નારાજ થયા હતા. જેથી તેમણે અથવા તેમના પરિજનોએ અન્ય પક્ષ અથવા અપક્ષમાંથી ઉમેદવારી નોંધાવી છે.

**સીટી બસો શરૂ થયાને એક મહિના ઉપરાંતનો સમય થવા આવ્યો**

# નડિયાદમાં નંબર પ્લેટ વગર દોડતી સિટી બસો : તંત્રના આંખ મીચામણાં

**આરટીઓ કે પોલીસ તંત્ર દ્વારા સિટી બસ સંચાલકો સામે કોઈ કાર્યવાહી નહીં કરી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે**



। નડિયાદ, તા.૧૨ ।

નડિયાદ શહેરમાં છેલ્લા મહિના ઉપરાંતથી સિટી બસો નંબર પ્લેટ વગર દોડી રહી છે. છતાં આરટીઓ કે પોલીસ તંત્ર દ્વારા સિટી બસ સંચાલકો સામે કોઈ કાર્યવાહી નહીં કરી આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. ત્યારે બીજી તરફ તંત્ર દ્વારા હેલમેટ અંગે અલ્ટીમેટમ આપી સરકારી કર્મચારીઓ સહિત ટુ-વ્હીલર ચાલકો પાસેથી દંડ વસૂલાય છે. તંત્રની બેવડી નીતિની શહેરમાં હાલ તો ભારે ટીકા થઈ રહી છે.નડિયાદ શહેરમાં મહાનગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી શહેરી બસ સેવા હેઠળ પાંચ જેટલી સીટી બસો શરૂ કરાતા નગરજનો- મુસાફરોએ રાહત અનુભવી છે. નડિયાદ શહેરમાંથી વડતાલ, વલેટવા, વસો, કંજરી તેમજ દેવકી વણસોલ તરફની બસો દોડી રહી છે. આ સીટી બસો શરૂ થયાને એક મહિના ઉપરાંતનો સમય થવા આવ્યો છે. આરટીઓ તેમજ પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિક નિયમોનું સખતાઈથી પાલન કરાવવામાં આવી રહ્યું છે. પીયુસી, સીટબેલ્ટ, હેલ્મેટ, ડ્રાઈવિંગ લાઈસન્સ જેવા વિવિધ પ્રકારના ગુના હેઠળ વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવી રહ્યા છે. ત્યારે છેલ્લા એક મહિના ઉપરાંતથી નડિયાદ શહેરમાં નંબર પ્લેટ વગર સીટી બસો દોડી રહી છે. આરટીઓ તેમજ પોલીસ તંત્ર દ્વારા માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત પોલીસ સહિત સરકારી કર્મચારીઓને હેલમેટ પહેરીને જ વાહન ચલાવવા અલ્ટીમેટમ આપવામાં આવ્યું છે. ત્યારે નડિયાદ શહેરમાં એક મહિના ઉપરાંતથી નંબર પ્લેટ વગરની દોડતી સિટી બસો સામે પગલાં લેવામાં સત્તાધીશો વામણાં પુરવાર થયા છે. હેલમેટ વગર દોડતા વાહન ચાલકો દંડાઈ રહ્યા છે તો સીટી બસના સંચાલકો સામે પગલા લેવામાં તંત્ર દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.

**સામાન્ય વ્યક્તિ માટે આશીર્વાદ સમાન આ યોજનાને કેટલીક ખાનગી હોસ્પિટલો-ડોક્ટરોએ કમાણીનું માધ્યમ બનાવી દીધી**

# પીએમજેએવાય યોજના નામે રાજ્યમાં પોલંપોલ । ગુજરાતની કેટલીક હોસ્પિટલોએ ૩૧ કરોડ રૂપિયાના ખોટાં બિલ મૂક્યાં

। અમદાવાદ, તા.૧૨ ।

પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (પીએમજેએવાય) ગુજરાતની ખાનગી હોસ્પિટલો દ્વારા અત્યાર સુધી રૂપિયા ૩૧ કરોડથી વધુના ખોટા બિલ મૂક્યા હોવાની ચોંકાવનારી વિગતો સામે આવી છે. પીએમજેએવાય હેઠળ ખાનગી હોસ્પિટલો દ્વારા બિલની સૌથી વધુ ગેરરીતિ થઈ હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ રૂપિયા ૧૩૯ કરોડ સાથે મોખરે છે. સામાન્ય દર્દીને સારવાર કરાવવામાં ખર્ચના બોજનો સામનો કરવો પડે નહીં તેવા આશય સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરવામાં આવી હતી. સામાન્ય વ્યક્તિ માટે આશીર્વાદ સમાન આ યોજનાને કેટલીક ખાનગી હોસ્પિટલો-ડૉક્ટરોએ કમાણીનું માધ્યમ બનાવી દીધી છે. જેમાં દર્દીને સારવારમાં બિલનો વધારે પડતો મોટો આંક લખવો, ગંભીર બીમારી નહીં હોવા છતાં ઓપરેશન કરવું જેવા ગોરખધંધા દ્વારા ક્લેઈમ પાસ કરવાનો ખેલ ખેલવામાં આવતો હોય છે. અમદાવાદમાં ગત વર્ષે ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના કાંડ બાદ આ કૌભાંડો વધુ પ્રકાશમાં આવ્યા છે. આશય સાથે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના શરૂ કરવામાં આવી હતી.

### અમદાવાદમાં ગત વર્ષે ખ્યાતિ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલના કાંડ બાદ આ કૌભાંડો વધુ પ્રકાશમાં આવ્યા

ગુજરાતમાં આ વર્ષની ૧૪ જાન્યુઆરી સુધીમાં જ ખાનગી હોસ્પિટલોએ રૂપિયા ૩૧.૫૮ કરોડના ખોટા બિલ મૂકીને ક્લેઈમ પાસ કરાવવાનો પ્રયાસ કર્યો હતો. સમગ્ર દેશમાંથી કુલ ૬.૬૬ કરોડ ક્લેઈમમાંથી ખાનગી હોસ્પિટલના ૨.૭૦ લાખ ક્લેઈમમાં ગેરરીતિ હોવાનું સામે આવ્યું હતું. પીએમજેએવાય હેઠળ ખાનગી હોસ્પિટલો દ્વારા બિલની સૌથી વધુ ગેરરીતિ થઈ હોય તેવા રાજ્યોમાં ઉત્તર પ્રદેશ રૂપિયા ૧૩૯ કરોડ સાથે મોખરે છે.

### ૫૦ ગેરકાયદે ઘૂસણખોરો પકડાયા । ૧૬ બાંગ્લાદેશ ડિપોટ

# અમદાવાદ શહેરમાં ક્રાઇમ બ્રાન્ચની મોટી કાર્યવાહી કરી

## દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા । દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા

। અમદાવાદ, તા.૧૨ ।

અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારા ૫૦ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી અનેક લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. મળતી માહિતી અનુસાર તેમાંથી ૧૬ જેટલાને સફળતાપૂર્વક બાંગ્લાદેશ મોકલી દેવામાં આવ્યા છે. જેમાં એક સગીર સામેલ છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા લાંબા સમયથી ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારાઓને પકડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે આ લોકોને નકલી ભારતીય દસ્તાવેજો સાથે પકડી પાડ્યા હતા. આ લોકો પર સગીરાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાનો પણ આરોપ હતો. જોકે હવે બાકીના અન્ય ગેરકાયદે ઘૂણસખોરોને પણ તેમના દેશને સોંપી દેવાની કાર્યવાહી આગળ ધપાવવામાં આવી રહી છે. મળતી માહિતી મુજબ, ક્રાઇમ બ્રાન્ચ દ્વારા પકડાયેલા ૫૦માંથી લગભગ તમામ લોકો બાંગ્લાદેશી હોઈ શકે છે. જેમાં મોટાભાગના લોકો ગુનાઈત પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હોવાનો ખુલાસો થયો છે. સમગ્ર મુદ્દે ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી દ્વારા સોશિયલ મીડિયા પર પોસ્ટ શેર કરી જાણકારી આપવામાં આવી છે. હર્ષ



સંઘવીએ ઠ પર પોસ્ટ શેર કરતાં લખ્યું કે, અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા રાષ્ટ્ર વિરોધી ગતિવિધિ કરનારાને ઝડપી લેવામાં આવ્યા છે.હર્ષ સંઘવીએ સોશિયલ મીડિયા પર કરી પોસ્ટદેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારા ૫૦ લોકોની ધરપકડ કરી હતી. જેમાંથી અનેક લોકો દેશવિરોધી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા હતા. મળતી માહિતી અનુસાર તેમાંથી ૧૬ જેટલાને સફળતાપૂર્વક બાંગ્લાદેશ મોકલી દેવામાં આવ્યા છે. જેમાં એક સગીર સામેલ છે. ઉલ્લેખનીય છે કે અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચ દ્વારા લાંબા સમયથી ગેરકાયદે રીતે ભારતમાં ઘૂસણખોરી કરનારાઓને પકડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન દેશવિરોધી પ્રવૃત્તિ કરનારા બાંગ્લાદેશીઓ પણ પકડાયા હતા. અમદાવાદ ક્રાઇમ બ્રાન્ચે આ લોકોને નકલી ભારતીય દસ્તાવેજો સાથે પકડી પાડ્યા હતા. આ લોકો પર સગીરાઓને દેહવ્યાપારમાં ધકેલી દેવાનો પણ આરોપ હતો.

## અમરેલીમાં શિક્ષકે વિદ્યાર્થી ઉપર આચર્યુ સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય

। અમરેલી, તા.૧૨ ।

સાવરકુંડલા પંથકમાંથી શિક્ષણ જગતને કલંકિત કરતી ઘટના સામે આવી છે. સાવરકુંડલા તાલુકાના વંડા વિસ્તારની ખાનગી શાળામાં સ્કૂલના વિધાર્થી પર શિક્ષક દ્વારા દુષ્કર્મ આચર્યાની પોલીસ ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે. આરોપી શિક્ષકને પકડીને પૂછપરછ શરૂ કરી છે. આજે પોલીસ દ્વારા પત્રકાર પરિષદ યોજી મીડિયા સમક્ષ રજૂ કરવામાં આવશે. પ્રાપ્ત માહિતી અનુસાર અમરેલી-સાવરકુંડલા તાલુકાના વંડા વિસ્તારની એક ખાનગી શાળા શિક્ષકે શિક્ષણ જગતને શર્મશાર કરતી હરકત કરી છે. વંડા વિસ્તારમાં આવેલી ખાનગી શાળાના શિક્ષ વિશાલ સાવલીયાએ શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થી ઉપર સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યુ છે.

## વડોદરામાં શેઠના અવસાન બાદ કેરટેકરે ૫૫ લાખ રૂપિયા પડાવી લીધા

। વડોદરા, તા.૧૨ ।

વડોદરામાં મકરપુરા વિસ્તારના ઋતુરાજ કોમ્પલેક્ષમાં રહેતા ૬૪ વર્ષના શારદાબેન અખિલેશકુમાર ત્રિપાઠી એ મકરપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે મારા પતિ લીબીયામાં એન્જિનિયર તરીકે નોકરી કરતા હતા. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ માં તેઓ પરત ભારત આવેલા અને ગાંધીનગર જિલ્લાના કલોલ ખાતે ટાટા હાઉસિંગ કોમ્પલેક્ષમાં મકાન અને ઓફિસ રાખતા હતા. હું મારી દીકરી અને દીકરા સાથે વડોદરા રહેતી હતી અને મારા પતિ કન્સ્ટ્રક્શન કંપની ચલાવતા હતા. મારા પતિએ તેમની મદદ માટે દિવ્યાંશું મહેન્દ્ર પ્રતાપ તિવારીને કેરેટેકર તરીકે રાખેલો હતો. તે મારા પતિને તમામ પ્રકારનું કામ કરતો હતો. તારીખ ૧૧-૮-૨૦૧૪ ના રોજ મારા પતિને હાર્ટ એટેક આવતા તેઓનું અવસાન થયું હતું. કેરટેકર તરીકે રાખેલા દિવ્યાંશુંએ મારા પતિના એકાઉન્ટમાંથી ૫૫ લાખ રૂપિયા તેના અંગત કામ માટે લઈ લીધા હતા.

## બરવાળામાં છાશવારે ઉભરાતી ભૂગર્ભ ગટરથી જનતા ત્રાહિમામ

। બોટાદ, તા.૧૨ ।

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકામાં છાશવારે ઉભરાતી ભૂગર્ભ ગટરથી રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે. તંત્ર દ્વારા સફાઇ માટે આયોજન તો ઘડાયું છે પરંતુ તે માત્ર કાગળ પર રહેતું હોવાનું ભાસી રહ્યું છે. જિલ્લા કલેક્ટર દ્વારા લોકદરબાર યોજી આ પ્રશ્નનું કાયમી નિરાકરણ આવે તેવી માંગણી ઉઠી છે.બરવાળા નગરપાલિકાના નિર્ભર સફાઇ તંત્રના પાપે બરવાળાની જનતા ભારે હેરાન-પરેશાન થઇ રહી છે. છેલ્લા ઘણા સમયથી બરવાળા શહેરમાં ભુગર્ભ ગટરો છલકાઇ રહી છે. શેરીઓમાં અને અનેક બજારોમાં ભુગર્ભ ગટરના ગંદા પાણી રોડ પર ચડી આવે છે જેને કારણે ગંદી તીવ્ર વાસ આવે છે અને ભયંકર રોગચાળો ફેલાઇ જવાનો ડર જનતાને સતાવે છે. નગરજનો દ્વારા બરવાળા નગરપાલિકાના નિંભર તંત્રને વારંવાર ફરિયાદ કરવા છતાં તંત્રના બહેરા કાને આ વાત અથડાઇને કોઇ પરિણામ આવતું નથી જેના કારણે બરવાળાના સત્તાધિશો સામે નગરજનોમાં ભારે આક્રોશ જોવા મળે છે. આ સાથે શહેરમાં ઠેર-ઠેર કચરાના ઢગલા જોવા મળે છે. સફાઇના નામે મીંડુ છે. છેલ્લા ઘણા દિવસથી તો ડોર ટુ ડોર કચરો લેવાનું કામ બંધ છે જેને પરિણામે લોકોના ઘરમાં પણ કચરાના ઢગ થયા છે. નગરપાલિકાની ચૂંટાયેલી પાંખ પૈકીના એક પણ સભ્યને બરવાળાની જનતાની સમસ્યાની ચિંતા નથી જેને પરિણામે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

### કચ્છના ભૂકંપ બાદ પુન : નિર્માણ કરવામાં આવેલું

# કચ્છ જિલ્લાના કાળા ડુંગર પર આવેલું દત્તાત્રેય મંદિર । બે દંતકથાઓ જોડાયેલી

। અમદાવાદ, તા.૧૧ ।

કાળા ડુંગર અને અહીં આવેલ મંદિર સાથે બે દંતકથાઓ જોડાયેલી છે. કાળા ડુંગરની ચોટ પર ગુરુ દત્તાત્રેયનો મંદિર આવેલો છે. ભગવાનના છઠ્ઠા અંશ અને અવતાર બ્રહ્મા વિષ્ણુ અને મહેશના ત્રિપુટી સમાન દત્તાત્રેય ભગવાનના અત્યંત સુંદર સ્થાનકના અહીં દર્શન થાય છે. જેનું કચ્છના ભૂકંપ બાદ પુનઃ નિર્માણ કરવામાં આવેલું છે. કહેવાય છે કે, બલુચિસ્તાનમાં આવેલા હિંગળાજ માતાજીના દર્શને જતી વેળાએ ગુરુ દત્તાત્રેયના પગલાં આ ડુંગર પર પડ્યાં હતા અને તે સમયના પગલાંની યાદગીરીના સ્વરૂપે અહીં તેમની પાદુકા સ્થાપવામાં આવી છે. કાળા ડુંગર પર પચ્છમાઈ પીર તરીકે જાણીતા ગુરુણામ ગુરુ દત્તાત્રેયજીનું પ્રસિદ્ધ યાત્રાધામ હોવાથી આ સ્થળ હિન્દુ અને મુસ્લિમ બંને માટે





પૂજનીય છે.શિયાળ સાથે જોડાયેલી દંતકથાઅન્ય એક દંતકથા મુજબ, લખ ગુરુ કરીને અહીંના પૂજારી હતા જેઓ ત્યાંના જાનવરોને જમાડતા હતા. પરંતુ એક સમય એવો આવ્યો કે, શિયાળ તેના સમયે આવી પહોંચ્યો અને લખ ગુરુ પાસે તેમને આપવા માટે કશું જ હતું નહીં. ત્યારે તેઓએ પોતાના શરીરનો એક અંગ શિયાળને અર્પિત કરી દિધો. ત્યારે શિયાળ તે અંગને આરોગ્યા વિના પાછો ચાલ્યો જાય છે. ત્યારે લો-અંગ એવી બૂમો પાડે છે. જેના પરથી અહીં લોંગ ઓટલો બનાવવામાં આવેલો છે.આજે પણ અહીં અનેક શિયાળ લે છે પ્રસાદલોંગનો અર્થ દંતકથા મુજબ, લો-અંગ માનવામાં આવે છે.

ગુરુ ત્યારથી અહીં આવેલા લોંગ ઓટલા પર આજ દિન સુધી ગુરુ દત્તાત્રેયને ધરાવતો નૈવેદ્ય મીઠી ભાત શિયાળોને પણ આપવામાં આવે છે. આજે પણ સાંજના સમયે મંદિરના મહંત દ્વારા લોંગ લોંગની બૂમો પાડે છે અને શિયાળો અહીં આવી પ્રસાદ લે છે.

વસંત મહેતા (વરિષ્ઠ પત્રકાર )

## જામનગરમાં રણજીત રોડ પર ગઈ રાત્રે ૮ વાગ્યે કારચાલક બેકાબુ બન્યો

। જૂનાગઢ, તા.૧૧ ।

જામનગરમાં રણજીત રોડ પર ગઈકાલે રાત્રે ૮ વાગ્યે એક કાર ચાલક બેકાબુ બન્યો હતો, અને સ્ટીયરીંગ પરથી પોતાનો કાબુ ગુમાવી બેસતાં આગળ જઈ રહેલા ત્રણથી ચાર સ્કૂટરને હડફેટમાં લઈ લીધા હતા. આ બનાવને લઈને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો. બેડીકેટથી રણજીતરોડ પર પુરપાટ વેગે જઈ રહેલા કાર ચાલકે કાબુ ગુમાવી દેતા અકસ્માત સર્જાયો હોવાથી ટ્રાફિકજામ થયો હતો, અને લોકોના ટોળા એકત્ર થઈ ગયા હતા. સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ ન હતી, પરંતુ એકત્ર થયેલા લોકોએ કાર ચાલકને તેમાંથી બહાર કાઢી લઈ લમધારી નાખ્યો હતો. જે દરમિયાન પોલીસ તંત્રને જાણ થતાં પોલીસ ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી, અને આખરે મામલો થાળે પડ્યો હતો, અને રણજીત રોડ પરના વાહન વ્યવહારને પૂર્વવત બનાવ્યો હતો. સમગ્ર બનાવ મામલે પોલીસ આગળની તપાસ ચલાવી રહી છે. જામનગરમાં રણજીત રોડ પર ગઈકાલે રાત્રે ૮ વાગ્યે એક કાર ચાલક બેકાબુ બન્યો હતો, અને સ્ટીયરીંગ પરથી પોતાનો કાબુ ગુમાવી બેસતાં આગળ જઈ રહેલા ત્રણથી ચાર સ્કૂટરને હડફેટમાં લઈ લીધા હતા. આ બનાવને લઈને અફડાતફડીનો માહોલ સર્જાયો હતો.

## મહાકુંભના મેળામાં સ્નાન કરવા ગયેલા વધુ એક ગુજરાતીનું મોત

। અમદાવાદ, તા.૧૨ ।

હાલ પ્રયાગરાજમાં મહાકુંભનો મેળો ચાલી રહ્યો છે. મહાકુંભમાં સ્નાનનો લ્હાવો લેવા માટે દેશ-વિદેશમાંથી પ્રવાસીઓ અને મોટી મોટી હસ્તીઓ આવી રહી છે. ત્યારે મહાકુંભમાંથી દુખદ સમાચાર સામે આવ્યા છે. મહાકુંભમાં સ્નાન કરવા ગયેલા ગુજરાતી યુવકનું ડૂબી જવાથી મોત નીપજ્યું છે. વધુ એક શ્રદ્ધાળુનું મોત નીપજતાં શોક માહોલ છવાયો છે. પ્રાપ્ત માહિતી અનુસાર નવસારીના વાસંદાના ૩૫ વર્ષીય વિવેક રમેશ પટેલ નામનો યુવક મહાકુંભમાં સ્નાન કરવા ગયો હતો. મહાકુંભમાં સ્નાન કરતી વેળાએ અચાનક ચક્કર આવી જતાં ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક લોકો અને સુરક્ષાકર્મીઓ તાત્કાલિક દોડી આવ્યા હતા અને બચાવની કામગીરી હાથ ધરી હતી. વિવેક પટેલને પાણીમાંથી બહાર કાઢીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જોકે ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. આ ઘટનાને પગલે સ્થાનિક પોલીસે અકસ્માતે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. યુવકની ડેડબોડીને પોસ્ટમોર્ટમ ખાતે ખસેડવામાં આવી છે. આ ઘટનાની જાણ થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો છે.




### ૪ આરોપીઓ સામે એફઆઇઆર

# અમદાવાદના વાડજમાં ૨૦૦ કરોડની જમીન પચાવી પાડી, બાંધકામ પણ શરૂ કરી દીધું

## કુલ ૫૦૦ કરોડની છેતરપિંડી કરાયા અંગે અમદાવાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ

। અમદાવાદ, તા.૧૨ ।

વાડજ વિસ્તારમાં આવેલી જમીન સરકાર હસ્તક ન થઈ જાય તે માટે ૧૯૭૯થી શરૂ થયેલી જમીન કાયદાની આંટીઘૂંટીમાં ૨૦૦ કરોડની જમીન પચાવી પાડીને બાંધકામ શરૂ કરવામાં આવ્યાની ફરિયાદ સીઆઈડી ક્રાઈમમાં નોંધાવવામાં આવી છે. વર્ષ ૧૯૭૯થી ચાલ્યા આવતાં વિવાદ અને કાવાદાવા બાદ ગાંધીનગરની રેરા કચેરી દ્વારા ઈજન આપવામાં આવતાં થલતેજના રહીશે પોલીસ, થલતેજ અને નવરંગપુરાના ચાર શખ્સો સામે વિધીવત ફરિયાદ નોંધાવી છે. ૨૦૦ કરોડની કિંમતની ૧૭૭૦૫ ચોરસમીટર જમીન પચાવી પાડી સ્કીમનું બાંધકામ શરૂ કરી કુલ ૫૦૦ કરોડની છેતરપિંડી કરાયા અંગે અમદાવાદ સીઆઈડી ક્રાઈમ દ્વારા ગુનો નોંધી તપાસ શરૂ કરાઈ છે.ઉસ્માનપુરામાં રહેતા મનોજભાઈ તેજુમલ ખન્નાએ વિકાસગૃહ પાસે રહેતા પામ સ્વિંગ રિયાલિટી એલ.એલ.પી.ના રાજનભાઈ વિમલભાઈ શાહ, થલતેજના આર્યમાન બંગલોઝમાં રહેતા સુકેતુ સુમતીલાલ શાહ, રિશીલ સુકેતુ શાહ અને નવરંગપુરાના નારાયણ કોમ્પલેક્સમાં રહેતા યોગેશભાઈ ગુણવંતભાઈ ભટ્ટ સામે સીઆઈડી ક્રાઈમ,



અમદાવાદ ઝોનમાં ફરિયાદ ૨૦૦ કરોડની જમીન પચાવી પાડ્યા અંગે ફરિયાદ નોંધાવી છે.ફરિયાદ અનુસાર, વાડજ ગામની સર્વે નંબર ૪૫૧ની ૧૭૭૦૫ ચોરસ મીટર જમીન મુળ માલિક છનાલાલ કેશવલાલ પ્રજાપતીએ ઈંટ પકવવા માટે પુંજાભાઈ મુલજીભાઈ પ્રજાપતિને આપી હતી. પુંજાભાઈએ છનાલાલની ખોટી સહીઓ કરી પોતાના નામે દસ્તાવેજ કરી મેહરાભાઈ હાથીભાઈ ભરવાડને વેચી દેતા તેમના વારસદારોના નામ ચાલતા હતા. આ જમીન લેન્ડ સિલીંગમાં જતી અટકાવવા મેહરાભાઈએ ૧૯૭૯માં અશોકવાટિકા કો. ઓ. હા.સો.ને ડેવલપમેન્ટ કરાર કર્યો હતો. ૧૯૯૫માં મનોજભાઈએ આ જમીન મુળ માલીક છનાલાલના પુત્ર ઈશ્વરભાઈ પાસેથી ૩ લાખના લખાણ ઉપર કુલ રૂ. ૩૧.૫૦ લાખમાં વેચાણ કરારથી ખરીદી હતી. પરંતુ, મ્યુનિ.નું હાઉસીંગ રિઝર્વેશન ચાલતું હોવાથી દસ્તાવેજ થયો નહોતો. ૧૯૯૫માં મેહરાભાઈ અને મળતિયાઓએ સમાધાન માટે બોલાવીને મનોજભાઈ ઉપર હુમલો કર્યો હતો પરંતુ તેમણે ફરિયાદ નોંધાવી નહોતી. જમીનનું પઝેશન મનોજભાઈ પાસે હોવા છતાં મેહરાભાઈના વારસદારો ચીનુભાઈ અને અન્યોના નામ ૭-૧૨ના ઉતારામાં ખોટી રીતે ચડેલા હતા. ચીનુભાઈએ આ મિલ્કત અશોક વાટિકા કો.ઓ. સોસાયટીને વેચાણ કરી હતી. આ અંગે વર્ષ ૨૦૦૬માં ભદ્ર સિટી સિવિલ કોર્ટમાં મનોજભાઈએ દાવો દાખલ કર્યો હતો જે હજુ ચાલુ છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૦માં અશોકવાટીકા કો.ઓ. હા. સો.ના હોદ્દારો તથા પામ સ્પ્રીંગ રિયાલિટી પ્રા.લિ.ના ઓથોરાઈઝ આરપાલસિંહ વિહોલે અંદરોઅંદર આ જમીનમાં દાવો દાખલ કરી સમાધાન કરી હોદ્દેદાર યોગેશ ભટ્ટના નામનો દસ્તાવેજ કરી લીધો હતો. આ દસ્તાવેજ રદ કરવા પણ મનોજભાઈએ કોર્ટમાં દાદ માગી છે. આ પછી વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨-૧૮માં જમીન ટાઈટલ ક્લિયર કરાવવા અશોકવાટીકા કો.ઓ. હાઉસીંગ સોસાયટી અને પામ સ્પ્રીંગ રીયલ્ટી પ્રા.લિ.ના હોદેદારોએ કાર્યવાહી કરતાં મનોજભાઈએ વાંધા અરજી આપી હતી.

### સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટિએ પોલીસતંત્ર સતર્ક બન્યું

# જામનગરમાં ચૂંટણીને અનુલક્ષીને પોલીસ-હોમગાર્ડ અને જીઆરડીના જવાનો દ્વારા ફૂટ પેટ્રોલિંગ કરાયું

। જામનગર, તા.૧૨ ।

જામનગર જિલ્લાના કાલાવડમાં નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટિએ પોલીસતંત્ર સતર્ક બન્યું છે અને કાલાવડ ટાઉન પોલીસ, હોમગાર્ડ અને જીઆરડીના જવાનો દ્વારા શહેરી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. આગામી કાલાવડ નગરપાલિકાની ચૂંટણીને અનુલક્ષીને ગઈકાલ તા.૧૧.૦૨.૨૦૨૫ ના સાંજે કાલાવડ ટાઉન પો.સ્ટે.ના કર્મચારીઓ તથા હોમગાર્ડ, જી.આર.ડી. સહિતના સ્ટાફે ટાઉન વિસ્તારમાં સરદાર પટેલ ચોકથી બસ સ્ટેન્ડ થઈ મ્યુનીસિપલ હાઈસ્કુલ, પી.ડબલ્યુ.ડી. સર્કલથી વિકાસ કોલોની મુકતાબેન કન્યા વિદ્યાલયથી લીમડા ચોક, મેઈન બજારથી મૂળીલા ગેઈટથી ધોરાજી રોડ સહિતના વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરી સરદાર પટેલ ચોક ખાતે પૂર્ણ કરાયું હતું. જામનગર જિલ્લાના કાલાવડમાં નગરપાલિકાની ચૂંટણી યોજાવા જઈ રહી છે, ત્યારે સુરક્ષા વ્યવસ્થાની દ્રષ્ટિએ પોલીસતંત્ર સતર્ક બન્યું છે અને કાલાવડ ટાઉન પોલીસ, હોમગાર્ડ અને જીઆરડીના જવાનો દ્વારા શહેરી વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. મ્યુનીસિપલ હાઈસ્કુલ, પી.ડબલ્યુ. ડી. સર્કલથી વિકાસ કોલોની મુકતાબેન કન્યા વિદ્યાલયથી લીમડા ચોક, મેઈન બજારથી મૂળીલા ગેઈટથી ધોરાજી રોડ સહિતના વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરી સરદાર પટેલ ચોક ખાતે પૂર્ણ કરાયું હતું.

## ઉધોગનગરમાં પરિવારના ચાર સભ્યો પર ધોકા વડે હુમલો

। સુરેન્દ્રનગર, તા.૧૨ ।

સુરેન્દ્રનગર શહેરી વિસ્તારમાં ઉછીના રૂપિયા આપવાની ના પાડતા એક શખ્સ સહિત પરિવારજનોને પાંચ શખ્સોએ એકસંપ થઈ ધોકા તેમજ ઢીકા-પાટુનો માર મારી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી જે અંગે ભોગ બનનાર શખ્સે બી-ડિવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.૮૦ ફુટ રોડ પર ઉધોગનગર વિસ્તારમાં રહેતા શૈલેષ ધનસુખ ઝરવરીયા પાસે કિશન કોડીયાએ ફોન કરી ઉછીના રૂપિયા માંગ્યા હતા. શૈલેષભાઈએ રૂપિયા ન હોવાથી આપવાનો ઈનકાર કરતા કિશને ફોન કાપી નાંખ્યો હતો. મોડી રાત્રે પાંચ શખ્સો એકસંપ થઈ શૈલેષભાઈના માતા હકુબેન, પિતા ધનસુખભાઈ સાથે બોલાચાલી કરી ધોકા વડે માર મારતા ફરિયાદી વચ્ચે પડતા તેમને પણ ઢીકા-પાટુનો મારમાર્યો હતો. તેમજ શૈલૈષભાઈના દિકરાને પણ ધોકા વડે માર મારી ઈજાઓ પહોંચાડી હતી અને અપશબ્દો બોલી મારી નાંખવાની ધમકી આપી હતી. ૮૦ ફુટ રોડ પર ઉધોગનગર વિસ્તારમાં રહેતા શૈલેષ ધનસુખ ઝરવરીયા પાસે કિશન કોડીયાએ ફોન કરી ઉછીના રૂપિયા માંગ્યા હતા.

## ખંભાતમાં ૧.૦૫ લાખના દેશી દારૂ, વોશ સાથે ૨ ઝડપાયા

। આણંદ, તા.૧૨ ।

નડિયાદમાં દેશી દારૂ પીધા બાદ ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. જિલ્લા પોલીસ દ્વારા લઠ્ઠાકાંડની ઘટનાને સોડાકાંડમાં ખપાવવા હવાતિયાં મારવામાં આવી રહ્યા છે. તેવામાં ખંભાતમાં ઠેર ઠેર દેશી દારૂની હાટડીઓ ધમધમતી હોવાની ફરિયાદો ઉઠી હતી. આખરે પોલીસ જાગી હતી અને બે સ્થળે દરોડા કરી રૂ.૧.૦૫ લાખનો દેશી દારૂ, દારૂ ગાળવાનો વોશ સાથે બે શખ્સોને ઝડપી પાડયા હતા. ખંભાતના નારેશ્વર તળાવ નજીક રહેતો મહેશ ઉર્ફે ચીચુ ચીમનભાઈ દેવીપુજક ઘરની બાજૂમાં છાપરીમાં દેશી દારૂનું વેચાણ કરતો હોવાની બાતમી ખંભાત શહેર પોલીસને મળી હતી. પોલીસે દરોડો કરી મહેશ ઉર્ફે ચીચુને ઝડપી પાડી તલાશી લેતા છાપરીમાં જમીનમાં દાટેલી પ્લાસ્ટિકની ૧૮ ટાંકી મળી આવી હતી. જેમાંથી ૯૦ લિટર દેશી દારૂ ગાળવાનો વોશ મળી આવ્યો હતો. પોલીસે રૂ. ૧૨ હજારનો દેશી દારૂ, રૂ.૨૨,૫૦૦નો વોશ મળી કુલ રૂ.૩૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. ઉપરાંત ખંભાતની મેતપુર સ્કૂલની પાછળ નરનારાયણ સોસાયટીમાં રહેતો અરવિંદભાઈ મગનભાઈ તળપદા (ઉં.વ. ૪૫) મકાનની બાજૂમાં આવેલી બાવડીમાં દેશી દારૂ રાખી વેચાણ કરતો હોવાની આણંદ એલસીબીને બાતમી મળી હતી. જેના આધારે એલસીબીએ દરોડો કરી શખ્સને ઝડપી પાડી તપાસ કરતા દારૂ ભરેલા પ્લાસ્ટિકના કેરબા, ટાંકી તથા ગેલન મળી આવ્યા હતા. પોલીસે રૂ.૨૨ હજારનો ૧૧૦ લિટર દેશી દારૂ, રૂ. ૪૮,૭૫૦ની કિંમતનો ૧૯૫૦ લિટર વોશ મળી કુલ રૂ. ૭૦,૭૫૦નો મુદ્દામાલ જપ્ત કરી ગુનો નોંધ્યો હતો. જિલ્લા પોલીસ દ્વારા લઠ્ઠાકાંડની ઘટનાને સોડાકાંડમાં ખપાવવા હવાતિયાં મારવામાં આવી રહ્યા છે. ત્રણ વ્યક્તિઓના મોત નિપજ્યા હતા.






## તંત્રી લેખ...

# તીવ્ર દબાણ વચ્ચે મિત્રતા

સ્કૂલોમાં હિજાબ પહેરવાની પરવાનગી કે મનાઈ પર વિવાદ હજુ ઊભો જ રહ્યો છે. સુપ્રીમ કોર્ટ પાસેથી આશા હતી કે કોઈ નિર્ણાયક ફેંસલો આવશે, પરંતુ બંને ન્યાયમૂર્તિ એકમત ન થયા. હિજાબ પર બંને જજોનો અભિપ્રાય વિરુદ્ધ દિશાનો રહ્યો, તેથી હવે કેસ મોટી પીઠને સોંપવામાં આવશે, જેથી સ્પષ્ટ ચુકાદો આપી શકાય. જોકે મોટી વાત એ રહી કે સ્કૂલોમાં યુનિફોર્મ જ ફરજિયાત રાખવા કે પછી તેમાં હિજાબ જેવી છૂટછાટો આપવી? કારણ કે પછી તો એવી છૂટછાટોનો કોઈ અંત નહીં આવે અને તેને લીધે સ્કૂલોનું વાતાવરણ ડહોળાય તેવું પણ બની શકે! ધ્યાન રહે, કર્ણાટક હાઈકોર્ટે રાજ્યની શિક્ષણ સંસ્થાઓમાંથી હિજાબ પર પ્રતિબંધ હટાવવાનો ઈનકાર કરી દીધો હતો. એ ચુકાદાને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. પૂરેપૂરી સુનાવણી છતાં બે ન્યાયમૂર્તિઓનું એકમત ન થવું ભારત જેવા દેશ માટે કોઈ નવી કે વિચિત્ર વાત નથી. આ ન્યાય જગતમાં એવો પડાવ છે જેને યાદ રાખવામાં આવશે. જોકે હવે ભ્રમ અને વિવાદનો અવકાશ વધી ગયો છે. દેશમાં આ વિષય પર ખૂબ ચર્ચા થઈ છે, આગળ પણ ચર્ચા ચાલુ રહેશે અને તેમાં સમય-સંસાધનનો પણ વ્યય થશે. આપણે આજના દોરમાં સતત જોઈ રહ્યા છીએ કે બહુ મામૂલી વિષય પર દેશમાં બબાલ ઊભી કરી દેવામાં આવે છે અને એવા વિષયોને વધુ પસંદ કરવામાં આવે છે, જે નફરત વધારવાનું કામ કરે છે. હિજાબ મામલો પણ એવો જ છે અને તેને ઉઠાવવાનું કામ કર્યું હતું હાલમાં પ્રતિબંધિત પીએફઆઈ સંગઠને! પીએફઆઈની વિદ્યાર્થી પાંખે આ મુદ્દો ચગાવ્યો હતો અને એવી હવા ફેલાવવાનો પ્રયાસ કર્યો હતો કે દેશમાં હિજાબ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ખરેખર તો વાત માત્ર શાળાઓ પૂરતી જ મર્યાદિત હતી, પરંતુ વિવાદને ચગાવવામાં પીએફઆઈ સફળ રહ્યું. સુપ્રીમના ચુકાદામાં એક ન્યાયમૂર્તિ ધુલિયાએ એવું સ્ટેન્ડ લીધું કે હિજાબ પહેરવો એક વ્યક્તિની આઝાદીના અધિકાર અંતર્ગત સુરક્ષિત છે. જોકે એમણે એ સ્પષ્ટ ન કર્યું કે શિક્ષણ સંસ્થાઓમાં જે યુનિફોર્મ નક્કી કરાયા હોય ત્યારે તેમાં ધાર્મિક ઓળખનો કોઈ પહેરવેશ પહેરવો કેટલી હદે યોગ્ય છે? જો એવું થાય તો કાલે ઊઠીને હિંદુ છાત્રો કેસરિયો ખેસ પહેરીને આવવાની માંગ કરશે અને પછી તો શાળાઓમાં ભણતર એકબાજુ રહેશે અને આવા ધાર્મિક વિવાદોને જ વધુ ઉત્તેજન મળશે. ન્યાયમૂર્તિઓએ આ દિશામાં પણ વિચારવું જોઈએ. ખરેખર તો હિજાબ મુદ્દે રાજનીતિ જ થઈ રહી છે. આ વિષય જટિલ છે. મુસ્લિમોમાં પણ મોટી સંખ્યામાં એવી મહિલાઓ છે જે હિજાબ વિરોધી છે. ઈરાન તો ઈસ્લામી દેશ છે, પરંતુ ત્યાં હિજાબ વિરુદ્ધ આંદોલન ચાલી રહ્યું છે. આ તરફ સ્વિટ્ઝરલેન્ડ બુરખા પર પ્રતિબંધની તૈયારીમાં છે. વળી, દરેક શિક્ષણ સંસ્થાઓના પોતાના કાયદા હોય છે, એ જ હિસાબે છાત્રા-છાત્રાઓએ પોશાક પહેરવા પડે છે.

# હાડકામાં પિડાની અવગણના જોખમી

હાડકામાં સતત દુખાવો રહેવાની બાબત એક સામાન્ય સમસ્યા છે. આ સમસ્યા મોટી વયમાં વધારે જોવા મળે છે. મેડિકલ રિસર્ચના કહેવા મુજબ પુરૂષોની તુલનામાં મહિલાઓમાં આ સમસ્યા વધારે ગંભીર રીતે જોવા મળે છે. હાડકામાં દુખાવાની ફરિયાદો મહિલાઓ વધારે કરતી નજરે પડે છે. ભલે હાડકામાં પિડાની સમસ્યા સામાન્ય રીતે બોન ડેનસિટી ઓછી હોવાના કારણે અથવા તો ઈજા થવાના કારણે થાય છે પરંતુ તે કોઈ ગંભીર બિમારીનો સંકેત પણ હોઈ શકે છે. હાડકામાં એકાએક પીડા થવાની બાબત માટે કેટલાક કારણો હોઈ શકે છે. ઈજા અથવા તો શરીરના કોઈ અંગમાં વધારે પડતા ઉપયોગ અથવા તો બ્લડ સર્કુયલેશનમાં અડચણ આવવાના કારણે આવુ બની શકે છે. આવી જ રીતે જુના ઓસ્ટિયો આર્થરાઈટિસ, લ્યુપક અથવા તો સિકલ સેલ અનિમિયાના કારણે પણ એકાએક જોડકામાં તકલીફ ઉભી થઈ શકે છે. આજકલ યુવાનો ફિટ રહેવા માટે ઓનલાઈન ચેનલનો સહારો મેળવતા હોય છે. સારા શરીર માટે જુંબા અને એરોબિક્સ કરે છે. પરંતુ ટ્રેનર વગર આ પ્રકારની જટિલ કસરત કરવાથી હાડકામાં દુખાવા શરૂ થઈ જાય છે. યુવાનો શરીર બનાવવા માટે કેટલાક પ્રકારના પ્રોટીન સપ્ટિમેન્ટસનો ઉપયોગ પણ કરતા રહે છે. કેટલાક સપ્લિમેન્ટ્સમાં સ્ટેરોઈડનુ પ્રમાણ હોય છે. જેના કારણે નસો સંકુચિત થઈ જાય છે. જેના કારણે બોન ટિશ્યુ ડેમેજ થઈ જાય છે. કેટલાક લોકો મોડી રાત સુધી પાર્ટી કરતા રહે છે. કેટલાક લોકો મોડી રાત સુધી કામ કરતા રહે છે. જેના કારણે તેમની ઉંઘ પૂર્ણ થઈ શકતી નથી. આના કારણે ભરપુર ઉંઘ નહીં લેવાના કારણે પણ જોડમાં દુખાવા રહે છે. ફાસ્ટ ફુડ ખાવાની ટેવ આજના સમયમાં સામાન્ય સમસ્યા છે. જો હાડકાની સમસ્યાથી બચવાની ઈચ્છા છે તો દુખની બનેલી ચીજોનો જ ઉપયોગ કરવો જોઈએ. બેસતી વેળા પોતાની પોઝિશનિંગની હમેંશા કાળજી રાખવામાં આવે તે જરૂરી છે. જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી સીધા બેઠા રહેવાના પ્રયાસ કરવા જોઈએ. સાથે સાથે એક પોઝિશનમાં લાંબા સમય સુધી બેસવાની બાબત પણ યોગ્ય નથી. દરેક ૨૦ મિનિટમાં પોતાની પોઝિશનિંગ જગ્યાએ ઉભા થવાની સ્થિતીમાં હાડકાના દર્દને ટાળી શકાય છે. માંસપેશિયામાં ખેંચને રોકી શકાય છે.

કેલ્શિયમયુક્ત ભોજનને પણ ધ્યાનમાં લેવામાં આવે તે જરૂરી છે.સ્તન કેન્સરની દવાઓ હાડકાઓને ખૂબ જ નુકસાન પહોંચાડે છે. તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે વન્ડર ડ્રગ તરીકે લોકપ્રિય 'એક્ઝેમેસ્ટેન'થી હાંડકાઓને નુકસાન થાય છે. આના કારણે હાંડકાઓને ત્રણ ગણું વધુ નુકસાન થાય છે. સ્તન કેન્સરના દર્દીઓ દ્વારા સામાન્ય રીતે આ જ દવાનો ઉપયોગ કરવામાં આવે છે. પાંચ વર્ષ સુધી દિવસમાં એક વખત આ દવા લેવાથી હાડકાઓને નોંધપાત્ર નુકસાન થાય છે. આ દવા વય સંબંધિત નુકસાન પણ પહોંચાડે છે. બોન મિનરલ ડેન્સીટી (બીએમડી)માં પણ ત્રણ ગણુ વધુ નુકસાન પહોંચાડે છે. ફ્રેક્ચરની તકોમાં પણ વધારો કરે છે.



**આજકાલ**

લેખક : દીપક જગતાપ

### નાસાના વૈજ્ઞાનિકો આકાશગંગામાં વધુ આઠ નવા ગ્રહો શોધી કાઢ્યા


**પોસ્ટ વિભાગ આજે પાડકારોનો સામનો કરી રહ્યો છે આજે ઈમેલ અને સોશિયલ મીડિયા ના યુગમાં પોસ્ટ મારફતે પત્ર વ્યવહારમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જોકે હજુ પણ સરકારી કે કોર્ટના દસ્તાવેજ પોસ્ટ મારફતે જ પહોંચાડવામાં આવે આવે છે**

# આકાશગંગામાં અંદાજે ૪૧૭૫ ગ્રહો આવેલા હોવાની શક્યતા છે

**ભારતમાં હલકા ભૂરા રંગનું પ્રથમ પોસ્ટકાર્ડ ઇસ ૧૮૭૯માં બહાર પાડવામાં આવ્યું હતું આ પોસ્ટકાર્ડ પર ઇસ્ટ ઇન્ડિયા કંપની નામ લખવામાં આવ્યું હતું. કાર્ડની મધ્યમાં રાજચિહ્ન અને જમણી બાજુ રાણી વિક્ટોરિયાનો ફોટો હતો**

નાસાના વૈજ્ઞાનિકોએ આકાશગંગામાં વધુ આઠ નવા ગ્રહો શોધી કાઢ્યા છે. આ સાથે જ તેઓ બે જોડકી પૃથ્વીની તપાસની વધુ નજીકપ હોંચી ગયા છે. હવે એ સમય દૂર નથી જ્યારે પૃથ્વી જેવી જ બીજી બે પૃથ્વીઓ આપણને જોવા મળી શકે. આ કલ્પના નથી પરંતુ વાસ્તવિકતા હશે. સૂર્ય મંડળથી અનેક ગણા દૂર આ આઠેય ગ્રહો મળી આવ્યા છે. આ અંગેની જાહેરાત વૉશિંગ્ટન ખાતે મળેલી અમેરિકન એસ્ટ્રોનોમિકલ સોસાયટીની ૨૨૫મી બેઠક દરમિયાન કરવામાં આવી. વૈજ્ઞાનિકોએ આપેલી માહિતી પ્રમાણે ધરતીજેવા આ બે ગ્રહોની સપાટી નક્કર અને પથરાળ છે. આ સાથે જ તેમના મૂળ તારાથી તેમનું અંતર ખૂબ વધારે ન હોઈ તેઓ પૃથ્વીનીજેમ જ ખૂબ ઠંડા કે ગરમ નથી.

આ નવા ગ્રહો અત્યાર સુધી શોધાયેલા ગ્રહોમાં પૃથ્વીની સૌથી નજીકનું વાતાવરણ ધરાવે છે. નાસાના ગ્રહ શોધી કેપ્લર મિશન અંતર્ગત સ્પેસ ટેલિસ્કોપે સૂર્ય મંડળની બહાર ૧૫,૦૦૦થીવધુ તારાઓની તપાસ બાદ આ ગ્રહો શોધીકાઢ્યા છે. કેપ્લરે છેલ્લે શોધી કાઢેલા ગ્રહોનોક્રમાંક ૫૫૪ છે, આકાશગંગામાં અંદાજે ૪૧૭૫ ગ્રહો આવેલા હોવાની શક્યતા છે. ખગોળશાસ્ત્રીઓએ અત્યાર સુધીમાં કેપ્લરની મદદથી ૧૦૦૦થી વધુ ગ્રહોનું અસ્તિત્વ શોધીકાઢ્યું છે. નવા શોધાયેલા ત્રણ ગ્રહો તેમના સૂર્યથી અમુક અંતરે





આવેલા છે, જેને કારણે અહીં પાણી હોવાની શક્યતા છે. ત્રણમાંથી બે ગ્રહો એવા છે, જેઓ પૃથ્વી જેવી સપાટી ધરાવતા નવા શોધાયેલા ગ્રહોમાંથી પહેલો કેપ્લર ૪૩૮હ્ર પૃથ્વીથી ૪૭૦ પ્રકાશ વર્ષ દૂર આવેલો છે, આ ગ્રહ તેના તારાની ફરતે ૩૫ દિવસમાં૫ રિભ્રમણકરે છે. બીજો ગ્રહ કેપ્લર ૪૩૮હ્ર પૃથ્વીથી ૧૨ ટકા મોટા વ્યાસમાં છે અને તે સીત્તેર ટકા જેટલો પથરાળ જમીનથી બનેલો છે.

ત્રીજો ગ્રહ કેપ્લર ૪૪૨૫ પૃથ્વીથી ૧૧૦૦પ્રકાશ વર્ષ દૂર છે, જે તેના તારાની ફરતે એક ચક્કર લગાવવામાં ૧૧૨ દિવસ લગાવે છે. અન્ય એક ગ્રહ ૪૪૨૫ પૃથ્વીથી ત્રણ ગણો મોટો છે, નિષ્ણાતોના મતે ૫ થરાળ સપાટીહોવાના પાંચમાંથી ત્રણ ચાન્સ છે. જોકે ખગોળશાસ્ત્રીઓ હજી સંપૂર્ણ ૫ ણેનિશ્ચિત નથી કે આ ગ્રહો પરનું વાતાવરણ જીવન માટે અનુકૂળ છે કે કેમ? આમ છતાંતેઓ આ ગ્રહો માટે આશાવાદી છે. આપણે પાછલા ૨૦ વર્ષોમાં સૂર્યમંડળની બહાર એક હજાર કરતા વધારે ગ્રહો શોધી કાઢ્યા છે.આ ક્ષણે, ૧૮૨૨ ગ્રહોના અસ્તિત્વની પુષ્ટિ થઈ છે.

**નાસાએ પૃથ્વીના કદના વધુ બે ગ્રહો શોધી કાઢ્યા**

નાસાના કેપ્લર મિશન દ્વારા સૌરમંડળની બહાર પૃથ્વીના કદના બે ગ્રહો શોધી કાઢવામાં આવ્યા છે. આ ગ્રહો સૂર્ય જેવા તારાની ફરતે પરિભ્રમણ કરે છે. તેના પરથી પૃથ્વી સિવાય પણ અન્ય ગ્રહ પર માનવજીવન હોવાની વધુ એક સંભાવના ઊભી થઈ છે. આ બે ગ્રહોને કેપ્લર-૨૦ઈ અને કેપ્લર-૨૦એફ નામ અપાયા છે. આ ગ્રહો હેબિટેબલ ઝોન(માનવ વસવાટની શક્યતાવાળો વિસ્તાર)ની ખૂબ નજીક જણાયા છે જ્યાં ગ્રહની સપાટી પર પાણી હોવાની શક્યતા છે.

આ શોધની સીમાચિહ્નરૂપ બાબત એ છે કે આપણી આકાશગંગા એવા અનેક ગ્રહોથી ભરેલી છે, જે નાનકડી ખિલ્લીની અણી જેટલા કદના દેખાય છે. આ બે ગ્રહો પૈકી કેપ્લર-૨૦એફ પૃથ્વી કરતાં ત્રણ ટકા મોટો છે. બીજો પ્લેનેટ કેપ્લર-૨૦ઈ પૃથ્વી કરતાં ૧૫ ટકા નાનો છે.

આ અંગેનો અભ્યાસ કરનારી ટીમના વડા ફ્રાંકોઈસ ફ્રેસીને કહ્યું હતું કે 'સૌપ્રથમવાર પૃથ્વીના કદની મર્યાદા પાર કરી છે.' ફ્રાંકોઈસ મેસેચ્યુસેટ્સના કેમ્બ્રિજ ખાતેના હાર્વર્ડ-સ્મિથસોનિયન સેન્ટર ફોર એસ્ટ્રોફિઝિક્સ ખાતે કાર્યરત છે. સંશોધકોએ કહ્યું કે આપણી પૃથ્વી સૂર્યની ફરતે પરિભ્રમણ કરે છે તેવી જ રીતે આ ગ્રહો પણ તેમના તારા(સ્ટાર) ફરતે પરિભ્રમણ કરે છે જેને કારણે તેના પર તાપમાન ખાસ્સું ઊંચું રહે છે, જે તેના પર જીવન શક્ય હોવાનું સમર્થન કરે છે.



**ક્ષણે ક્ષણ શિક્ષણ**

ડૉ. કુણાલ પંચાલ
ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી, ગાંધીનગર

### સામાન્ય રીતે આપણને કોઈ પૂછે કે તમે કોણ છો ?

**જીવનમાં જો સાચા મૂલ્યની અનુભૂતિ થાય અને પ્રેમ, સુખ, શાંતિ, આનંદ, જ્ઞાન, શક્તિ અને પવિત્રતા જેવા મૂલ્યો આત્મસાત થાય તો જ જીવન સુખરૂપ બની શકે, મારી દૃષ્ટિએ માનવ જન્મ મળ્યો એનાથી વધુ સારી બીજી કોઈ ઘટના હોઈ જ ન શકે !**

# સુખ શેમાં છે ? આનંદ ક્યાં છે ?

**સેલ્ફી યુગમાં માણસ એટલો બધો સેલ્ફીશ થઈ ગયો છે કે તેને બીજાનો તો વિચાર સુદ્ધા નથી આવતો ! વૈષ્ણવજન તો દૂરની વાત છે !**

**મન કહે તે માન તો તકલીફ જેવું કંઈ નથી,**
**તું, તને પહેચાન તો તકલીફ જેવું કંઈ નથી,**
**ઝંખના આ વિશ્વમાં સ્થાયી થવાની છે દુ:ખદ,**
**થા અહીં મહેમાન તો તકલીફ જેવું કંઈ નથી..!**

કવિ શ્રી કિરીટ ગોસ્વામીના શબ્દો વાંચીએ તો મનને ઘણી રાહત મળે છે પરંતુ બાળપણમાં રમકડામાંથી સુખની શોધ કરતો બાળક, યુવાનીમાં પૈસા અને પ્રેમ માટે વલખા મારતો યુવાન, વૃદ્ધાવસ્થામાં સત્તા, મોભો અને કીર્તિને ઝંખતો વૃદ્ધ શું સાચા અર્થમાં પોતાના જીવનમાં સુખી બની શકે છે ? આનંદ મેળવી શકે છે ? આ પ્રશ્નનો જવાબ શોધવા તો દરેકે પોતાના મનના તળ સુધી જવું જ પડે.! આપણને ઘણું બધું જન્મગત સંસ્કારમાં મળે છે અને ઘણું બધું વાતાવરણમાંથી પ્રાપ્ત કરીએ છીએ.

જીવનમાં જો સાચા મૂલ્યની અનુભૂતિ થાય અને પ્રેમ, સુખ, શાંતિ, આનંદ, જ્ઞાન, શક્તિ અને પવિત્રતા જેવા મૂલ્યો આત્મસાત થાય તો જ જીવન સુખરૂપ બની શકે. મારી દ્રષ્ટિએ માનવ જન્મ મળ્યો એનાથી વધુ સારી બીજી કોઈ ઘટના હોઈ જ ન શકે ! સામાન્ય રીતે આપણને કોઈ પૂછે કે તમે કોણ છો ? તો આપણો જવાબ હોય કે હું શિક્ષક, હું વકીલ, હું ડોક્ટર છું. શું ક્યારેય



કોઈ એવું કહે છે કે હું માણસ છું. આપણે તો માત્ર આપણા વ્યવસાયની વાત કરીએ છીએ એટલે કે આપણે જે કરીએ છીએ તે કહીએ છીએ. જે છીએ તેના વિશે તો કોઈ વાત જ નથી કરતા. કરી પણ કેમ શકાય ? આપણે ક્યારેય ભીતરના માણસને જાણવા માટે સમય જ આપતા નથી. સુખ, શાંતિ અને આનંદ પામવા કરતા આપવામાં વધારે હોય તે અનુભૂતિ વગર કેમ ખબર પડે ? એક વખત શહેરથી દૂર આવેલા એક ફાર્મ હાઉસના બગીચામાં એક બહુ જ મોટા શેઠ બેઠા હતા. રસ્તાના કિનારે આવેલો આ ભવ્ય મહેલ દૂરથી દેખાઈ શકે તેવો હતો. એક વટેમાર્ગુ ત્યાંથી ચાલીને પસાર થતો હતો. તેને ખૂબ તરસ લાગી હતી. દૂરથી આ આ ભવ્ય ફાર્મહાઉસ દેખાતા તેને લાગ્યું કે ત્યાંથી પાણી મળી રહેશે એટલે તરસ સહન કરીને પણ ત્યાં પહોંચવા માટે મથામણ કરી અંદર પ્રવેશ્યો. બગીચામાં બેઠેલા શેઠે ત્રાંસી આંખે તેના તરફ જોયું. પેલો માણસ નજીક ગયો અને કહ્યું કે શેઠ હું ખૂબ દૂરથી ચાલીને આવું છું. મને ખૂબ તરસ લાગી છે. જરા થોડું પાણી પીવરાવશો ? શેઠે ક્ષણભર પણ વિચાર કર્યા વગર એટલું કહ્યું કે, 'હમણાં કોઈ માણસ આવશે તે પીવડાવશે'. શેઠના શબ્દો કાને પડતા જ વટેમાર્ગુથી સહજ બોલાઈ ગયું. 'થોડીવાર માટે તમે માણસ બની જશો.!' મિત્રો, આ એક વાક્ય આપણા જીવનમાં ડગલેને પગલે યાદ રાખવા જેવું છે. બીજાને છેતરતા, બીજાને માટે ઘસાતું કે ખોટું બોલતા, બીજાની નિંદા કરતા, બીજાને નુકસાન પહોંચાડતા આપણું મન સહેજ પણ ડંખે છે ?? જો એમ થતું હોય તો તમારી જાતને શાબાશી આપીને રાહત માનજો કે તમારી ભીતરનો માણસ હજુ જીવે છે. સેલ્ફી યુગમાં માણસ એટલો બધો સેલ્ફીશ થઈ ગયો છે કે તેને બીજાનો તો વિચાર સુદ્ધા નથી આવતો ! વૈષ્ણવજન તો દૂરની વાત છે ! પોતાના સ્વાસ્થ્ય, પોતાના જીવન વિશે વિચારવાનો પણ સમય ન રહે તેટલી સ્પીડથી માણસ યંત્રની માફક આમથી તેમ દોડતો રહે છે. આવા સમયે દરરોજ સાંજે સૂતી વખતે પોતાના હૃદય પર હાથ રાખીને પોતાની જાતને પ્રશ્ન પૂછવો જ રહ્યો કે સાચું સુખ શેમાં છે ? સાચી ખુશી ક્યાં છે ? મારી દ્રષ્ટિએ બાળપણ જેવો આનંદ અને બાળપણ જેવું સુખ જીવનમાં ફરી ક્યારે મળતું નથી. કારણ કે એ અવસ્થા જ નિર્દોષ હોય છે. એક વખત એક શાળામાં બાળકોને શિક્ષિકાએ પ્રશ્ન પૂછતા કહ્યું કે હું તમને કોરો કાગળ આપું છું. તમારે બધાએ તેમાં તમે ભવિષ્યમાં શું બનવા માંગો છો તે લખવાનું છે. પાંચ મિનિટ પછી શિક્ષિકાએ દરેક વિદ્યાર્થી પાસેથી કાગળ પાછો લઈ લીધો. સ્વાભાવિક કે બાળક પોતાની આસપાસ જે વ્યવસાય જોવે છે તે લખે. તે જ રીતે ડોક્ટર, વકીલ, શિક્ષક અને પોલીસ એવા જુદા-જુદા ઉત્તરો મળ્યા, પરંતુ એક બાળકે લખ્યું હતું ખુશ. શિક્ષિકાએ તે બાળકને બોલાવીને પૂછ્યું કે તું મારા પ્રશ્નને બરાબર સમજ્યો નથી લાગતો ? મેં તો પૂછ્યું હતું કે તું શું બનવા માંગે છે ? ત્યારે બાળકે એક જ વાક્યમાં જણાવ્યું કે બહેન હું તો બરાબર જ સમજ્યો છું, તમે પણ જિંદગીને બરાબર સમજી લો ને !! દરરોજના મોટાભાગના કામ બીજાને સારું દેખાડવા કે બીજાને માટે કરતો માણસ જો સહેજ પણ પોતાના માટે વિચારશે તો સુખ અને શાંતિ તેની ભીતરમાં જ મળશે..! સાચું ને ?

**ઉમેરણ**

સાચુ સુખ કે શાંતિ ખુલ્લી આંખે દુનિયામાંથી ન પણ મળે તેના માટે આંખ બંધ કરવી પડે.! ભીતરની ભાળ મળે એટલે આયખું સફળ !!

@kmpanchal515@gmail.com

# સૂર્ય આખા જગતને પ્રકાશિત કરે છે, તો સારા પુસ્તકોનું વાંચન કરવાથી આખું જીવન ઉજળું બને છે



**મન ઉપવન**

મુકેશ આંજણા

ઘરમાં સારા પુસ્તકો હોય તે ઘર મંદિરથી ઓછું ન કહેવાય. પુસ્તકોએ સંસ્કારનો કુમળો છોડ છે. ઘર ગમે તેટલા વૈભવ વિલાસથી ભરપુર હોય, બધા પ્રકારની સુખ-સાહેબી હોય પણ જે ઘરોમાં સારા પુસ્તકો ન હોય તે ઘર કહેવાય નહી, પણ માત્ર પથ્થરોથી બનેલી ઈમારતો કહેવાય. સારા પુસ્તકોનું વાંચન થાય તે ઘર તો પવિત્ર મંદિર સમાન છે. સૂર્ય આખા જગતને પ્રકાશિત કરે છે તેવી રીતે સારા પુસ્તકોનું વાંચન કરવાથી આખું જીવન ઉજળું બને છે.

મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથા ''સત્યના પ્રયોગ'' માં લખ્યું છે કે ''મારા જીવનમાં ઊંડી છાપ પાડનાર આધુનિક ત્રણ મહાન મનુષ્યો છે, જેમાં રાયચંદભાઈ એ તેમના જીવંત સંસર્ગથી, લિયો ટોલસ્ટોય રચિત ''વૈકુંઠ તારા હૃદયમાં'' છે નામના પુસ્તકોથી, રસ્કિન રચિત પુસ્તક ''અન ટુ ધીસ લાસ્ટ'' નામના પુસ્તકોથી અને થોરોના ''સવિનય કાયદાનો ધર્મ'' વિશેના નિબંધ અને દક્ષિણ આફ્રિકાની મારી પ્રવૃતિને શાસ્ત્રીય સમર્થન મળ્યું...'' ગાંધીજીએ આત્મકથામાં આગળ લખ્યું છે કે, મારી એવી માન્યતા છે જે વસ્તુ મારા ઊંડે ભરેલી હતી તેનું સ્પષ્ટ પ્રતિબિંબ મે રસ્કીનના ગ્રંથ રત્નમાં જોયું અને તેથી તેણે મારી ઉપર સામ્રાજ્ય જમાવ્યું. તેમનાં વિચારોનો અમલ મારી પાસે કરાવ્યો. આપણામાં જે સારી ભાવનાઓ સુતેલી હોય તેને જાગૃતા કરવાની શક્તિ જે ધરાવે છે તે કવિ છે. બધા કવિની ઉપર સરખી અસર નથી કેમ કે બધામાં સારી ભાવનાઓ એકસરખા પ્રમાણમાં હોતી નથી...

ગાંધીજી આગળ લખે છે તે વાત ઘણી મૂલ્યવાન લાગે છે. સર્વોદયનાં સિદ્ધાતો હું આમ સમજ્યો છું (૧) બધાના ભલામાં આપણું ભલું રહેલું છે. (૨) વકીલ તેમજ વાળંદ બંનેના કામની કિંમત એક સરખી હોવી જોઈએ કેમ કે આજીવિકાનો હક બધાને એક સરખો છે (૩). સાદું –મજૂરીનું ખેડૂતનું જીવન જ ખરું જીવન છે. ગાંધીજીએ પુસ્તકોથી દુર થતા માનવીને સંદેશો આપ તા કહ્યું છે કે ''પુસ્તકોનું મૂલ્ય રત્નો કરતાંય અધિક છે'' જીવનને નવી દિશા આપવા માટે સારા પુસ્તકો ખૂબ જ મદદરૂપ નિવડે છે. ઘણી વખત માણસ નિરાશાની માયા જાળ વચ્ચે ફસાઈ જાય છે તે માંથી બહાર નીકળવું ખૂબ જ કઠીન હોય છે એવા સમયએ સારા પુસ્તકોનું વાંચન કરવાથી જીવન જીવવાનો માર્ગ મળી રહેતો હોય છે.



પુસ્તકો દિવ્ય જ્યોતિ સમાન છે. પુસ્તકોનું વાંચન કરવાથી જીવન જીવવાની કળા પ્રાપ્ત થાય છે. સારા પુસ્તકોનું વાંચન કરવાથી પરિવર્તનના પુષ્પો ખીલતા હોય છે.

ઈંગ્લેન્ડમાં રસેલ નામના મહાન લેખકના જીવન પર પુસ્તકોની ખૂબ જ અસર હતી. અંગ્રેજી સાહિત્યના મહાન લેખક રસેલે 'મૈરેજ એન્ડ મોરલ્સ' નામના વિશ્વ પ્રસિદ્ધ પુસ્તકમાં લખ્યું છે કે ,''હું એ દિવસની રાહ જોઉં છું કે જયારે દીવાન ખાનાના ફર્નીચર જેટલી જ સત્વશીલ સાહિત્યની જરૂર ગણાશે. કોઈ પણ દીવાન ખાનની અંદર પડેલા સામયિકો અને પુસ્તકો તરફ નજર નાખી લઉં છું. મારે મને સાહિત્યએ વ્યક્તિના સાચા સંસ્કારનો માપદંડ છે. વિનય વિવેક પ્રફુલ્લતા-નિષ્ઠા આ બધાનું મૂલ્ય છે. આ ગુણોના વર્ધનમાં સાહિત્ય જેટલું ઉપકારક પરિબળો તેનાથી બીજું કોઈ નથી. જે લોકો શબ્દની શક્તિ પ્રમાણે છે તેમના માટે સારા પુસ્તકો એક મહત્વની મૂડી બની જાય છે અને પોતે તો મહાન મૂડીનો ઉપયોગ કરે જ છે; એ સાથે પોતાના મિત્રો- સ્વજનનો અને પરિવારને પણ એનો લાભ આપે છે''

મહારાષ્ટ્રનાં સંત કેદારનાથજીએ સારા પુસ્તકોના વાંચનથી જીવનને ઉજળું બનાવી શક્યા છે તેની વાત કરી છે. કેદારનાથજી એ કહ્યું છે કે ,જયારે આપણામાં વિવેક હોય તો જાણી શકીએ કે જીવન શુદ્ધ કરવામાં જ આપણા સર્વનું કલ્યાણ છે. જીવન શુદ્ધ કેવી રીતે શકાય છે? તેનો જવાબ આપતા કહે છે કે, આપણી પાસે જ સદ સાહિત્ય છે એનો ઉપયોગ કરવો આવશ્યક છે. જેમાં મહાપુરુષોએ શુદ્ધ જીવન કરવા માટે શીલ અને સદાચાર સ્વીકારવાની બાબત કહી છે. એવા સાહિત્યનું જો આપણે અધ્યન કરીને તેના પર મનન કરીએ અને જીવનમાં ઉતારીએ તો આપણું જીવન સુખી થાય અને જીવનને સદા માટે પ્રકાશિત રાખે તેવી સાર્થકતા પ્રાપ્ત થાય છે. હંમેશા સારા પુસ્તકોના વાંચનનો આગ્રહ રાખવાથી જીવનનું મૂલ્ય સમજાય છે અને તેમાંથી પવિત્રતા પ્રગટે છે. મહારાષ્ટ્રમાં શંકર વૈદ્ય નામના કવિએ પુસ્તકો વિશે મજાની કવિતા લખી છે. આ સુંદર કવિતા વાંચીને પુસ્તકોને સ્પર્શ કરવાનું મન થાય અને એકાદ પુસ્તકને કબાટના કારાગૃહ માંથી આઝાદ કરવાનો સંકલ્પ કરીએ તોય ગણું છે.

પુસ્તકો સપનામાં આવે અને પૂછે,'તે અમને ઓળખ્યા કે?' વાત કરતાં કરતાં પુસ્તકો ઓગળે, અને અથાગ પાણી થઈને છલકાતા પૂછે, 'તું ક્યારેય અમારામાં નાહ્યા છે કે તર્યો છે કે?' પુસ્તકો પછી ઘેઘૂર વૃક્ષ થઈ જાય અને પૂછે 'અમારાં ફળો ક્યારે ખાધાં છે કે?' 'છાયામાં ક્યારેય પોરો ખાધો છે કે?' પુસ્તકો ફરફરતો પવન થઈ જાય અને પૂછે 'શ્વાસ સાથે ક્યારેય અમને હૈયામાં ભર્યા છે કે?' પુસ્તકો આવું કશુંક પૂછતાં રહે, એક પછી એક દરેક પ્રશ્નનો મારી પાસે જવાબ નથી હો બેસી રહુ ચૂપચાપ બસ એમની સામે જોતો ક્યારેક પુસ્તકો કાચના કબાટમાં જઈને બેસે અને કહે એટલે સરવાળે તો અમારી જિંદગી ફોગટ જ ને પુસ્તકો મુંગામંતર થઈ જાય ,ઝૂર્યા જાય જાતનેં ઉધઈને હવાલે કરે એ, આખરે આત્મહત્યા કરે ઘરમાંને ઘરમાં જ, બંધ કબાટના કારા ગૃહમાં

કવિવર રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે કે, 'જેવી રીતે શરીરને માટે કપડાં, બુટ અને ચંપલ વગેરે ચીજ વસ્તુની જરૂર પડે છે તેવી રીતે મનને માટે પુસ્તકોની જરૂર પડે' માણસ માટે પુસ્તકો ત્રીજી આંખ કહેવાય છે, તેનાથી જીવનના લક્ષ સુધી પહોંચવા માટે મદદરૂપ સાબિત થાય છે. ચીનમાં તાઓવાદની ફીલોસુફી આપનાર મહાન સંત કન્ફ્યુશિયસે કહ્યું છે કે, સંસ્કારી મનુષ્ય ત્રણ દિવસ સુધી વાંચી ન શકે તો એને લાગે છે કે એના જીવનમાંથી સુગંધ ઉડી ગઈ છે. જીવનમાં ખુશીયોની ફોરમ પ્રસરાવવી હોય તો સારા પુસ્તકોના વાંચનનો રસ કેળવવો જોઈએ. પુસ્તકો ચોક્કસપણે જીવનને પ્રકાશિત કરે છે. સફદર હાશ્મીની એક જાણીતી કવિતાઃ

કિતાબે કરતી હૈ બાતે બીતે જમાનો કી ,ઈન્સાનોં કી આજ કી ,કલ કી ,એક એક પલકી ખુશિયોં કી ,ગમો કી ,ફૂલો કી,બમોં કી ,પ્યાર કી ,માર કી ક્યા તુમ નહી સુનોગે,ઈન કિતાબોં કી બાતે? કિતાબોં મેં ચીડીયા ચહચહાતી હૈ . કિતાબોં મેં ઝરને ગુનગુનાતે, પરીયોં કે કિસ્સે સુનાતે, કિતાબોં કા કિતના બડા સંસાર હૈ, ક્યાં તુમ ઈસ સંસાર મેં નહી જાના ચાહોગે , કિતાબે કુછ કહેના ચાહતી હૈ , તુમ્હારે પાસ રહેના ચાહતી હૈ

સાહિત્યકાર આનંદશંકર ધ્રુવે જીવન ઉપયોગી વાત કહી છે. તેઓ કહે છે 'આપણા ઘરની અંદર ત્રણ પ્રકારના પુસ્તકો હોવા જોઈએ ,જેમ કે ધંધામાં ઉપયોગી થાય તેવા, પછી તમારા શોખથી પસંદ કરેલા પુસ્તકો હોવા જોઈએ. >


Cyber Octet™
CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD
BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD
Learn Ethical Hacking & Cyber Security
WHY JOIN CYBER OCTET ?
LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
TASK AND RESEARCH BASED TRAINING
100 % PLACEMENT ASSISTANCE
LIVE PROJECTS
INTERNATIONAL ACCREDIATION
TRAINING BY:-
THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT
ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)
WHO CAN JOIN
STUDENTS
WORKING PROFESSIONALS
BUSINESS OWNERS
Contact Now
C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad
91 7405321234
info@cyberoctet.com
www.cyberoctet.com



દેશના કાયદા નિર્માતાઓએ એક બિલ પસાર કર્યુ

# પાકિસ્તાનમાં સાંસદોનો પગાર બમણો । ૧.૬૨ લાખ રૂપિયા થયો

। ઇસ્લામાબાદ,તા.૧૨ ।

